॥ श्रीधन्वन्तरये नम ॥

चमत्कार दर्पण અને

ભક્તિ-પુષ્પ.

સમ્પાદક અને પ્રકાશક:

વૈદ્યશાસ્ત્રિ રવિશંકર મોતીરામ ભટ્ટ.

આવૃત્તિ ૨ જી.

પ્રત ૨૦૦૦

સંવત ૧૯૮૪

સને ૧૯૨૭



સંગ્રહણીના ખાસ અનુભવી

આયુર્વૈદિય સિદ્ધ ચિકિત્સાલય અને

આર્યૌષધી ભંડારના માલીક.

...ગપુર, ગણુંકાઉજીની પોળના નાકે, અમદાવાદ.

કિંમત રૂ. ૦-૨-૬.

મોં ઉત્કૃષ્ટ મુદ્રણાલય, રીચીરોડ પુલ પાસે અમદાવાદ.

પ્રસ્તાવના.

આપણો આયુર્વેદ ઇશ્વર પ્રણિત છે આદ્ય છે અને આર્ય છે. ઇશ્વર વિભુ સ્વયંભુ પરમેશ્વર પરમાત્મા પરબ્રહ્મ સ્વરૂપ સર્વત્ર વ્યાપક છે. કોઇપણ કાર્યના આરંભમાં પરમાત્માનું સ્મરણ આવતું જોઇએ. માટેજ આ નાના પુસ્તકમાં–સ્તુતિ રૂપે ભક્તિ પુષ્પ તુલ્ય સ્તુતિઓ અને ભજન રાખ્યાં છે. કેટલાંક પુષ્પો બીજાઓમાંથી વીણીને સંગ્રહ કર્યો છે અને કેટલાંક માહરી અલ્પ બુદ્ધિથી ઇશ્વર કૃપાથી સ્વહસ્ત રચિત છે તો તેમાં સૌ વિદ્વાન બન્ધુઓની દ્રષ્ટિથી કંઇપણ દોષ જણાય તો ક્ષમા ચાહું છું.

આપણો આયુર્વેદ એ મહાન સમુદ્રરૂપિ છે. તેમાં કોઇ પણ ટેજ પારાંગત થયા હશે તથાપિ પ્રભુ કૃપાથી દરેકે યતકિંચિત : મળવ્યો હશે. તેથી શા માટે મિથ્યા અહંભાવ રાખવા જોઇએ. દરેકનો ભાવ એવો હોવો જોઇએ કે હજુ તો આપણે વિદ્યાભ્યાસિ છીએ. તેમ માનનારાઓનુંજ કલ્યાણ થાય છે તેથીજ શ્રેય છે.

પરંતુ હાલના સમયમાં તો વેષધારી વૈદ્ય નામ ધારણ કરી મ્હોટા બની બેસી જતાં વાર લાગતી નથી. તો શું! તેવા વૈદ્યોને શરમ નહિ આવતી હોય? કારણ આયુર્વેદ શાસ્ત્રના નિયમ પ્રમાણે શાસ્ત્રજ્ઞાન અને ક્રિયાજ્ઞાન બન્નેનું સંપૂર્ણ પરંપરાથી ચાલુ આવતી રૂઢી પ્રમાણે સંપાદાન કરવું જોઇએ. તેમાં એક પણ જ્ઞાન અપૂર્ણ હોય તો તે વૈદ્ય કહેવાય નહિ, તેમ શાસ્ત્ર સિદ્ધ છે.

शास्त्र प्रविणाः क्रीया विहीनाः ॥
क्रीया प्रवीणाः किल शास्त्र हीनाः ॥
एतादृशा यद्यपि सन्निकिंते वैंद्यास्त
एवोभय यथा प्रवीणाः ॥

"શાસ્ત્રમાં કુશળ હોય અને રસાદિક ક્રીયાઓથી ઔષધો બનાવતાં ના આવડતું હોય અને રસાદિક ક્રીયાઓથી ઔષધો બનાવતાં આવડતું ના હોય પણ શાસ્ત્ર ભણ્યો ના હોય તે વૈદ્ય કહેવાય નહિ પરંતુ શાસ્ત્ર પવિણ હોય અને ક્રીયા પ્રવીણ હોય તેમનેજ વૈદ્ય કહેવાય

પરંતુ હાલમાંતો લેભાગુ ઉંટ વૈદ્ય બની બેઠા છે તેવા નામધારી વૈદ્ય આયુર્વેદને અને ખરા આર્ય વૈદ્યના નામને લાંછન લગાડે છે. માટે તેવા વૈદ્યને ધિક્કાર છે. છતાં પણ તેવા વૈદ્ય આયુર્વેદિય ઔષધોના નામે ફાર્મસીઓ કાઢી બેસે છે ને જાહેર ખબરોથી જગતને ઠગે છે તેવાઓને વારંવાર ધિક્કાર છે. હાલમાં આપણા ભારત દેશમાં–કેટલીક ફાર્મસીઓ અને રસશાળાના માલિકો સારા વિદ્વાન અને ક્રિયા કુશળ અનુભવીઓ છે છતાં પણ મોટા ખરચે સારા વિદ્વાન વૈદ્યને રોકી ફાર્મસી ચલાવે છે. પરંતુ કેટલાક લેભાગુતો પોલંપોલ ચલાવે છે

તેઓતો એમ સમજતા હશે કે આપણું પોલ કોણ જાણનાર છે તેમ કોણ પુછનાર છે માટે પોલા દેખકર પેઠ જાવો પરંતુ જગત દેખતું છે અને પરમાત્મા તેનો બદલો આપે છે. માટે તેવાઓએ જરા ઇશ્વરનો ડર રાખવો. એકાદ સમાજ વખતે ભુલથી કે પક્ષપાતથી કે ખુશામતથી અંધ થઇ ગયા જેથી જેને સારા નરસાનું ભાન રહ્યું નહિ પરંતુ દરેક વખતે તો આવું નહિજ ચાલવું જોઇએ—અને લાયક ને નાલાયકની કદર થવીજ જોઇએ—

વિશેષમાં બંધુઓ જનસમાજના લાભની ખાતર આપણા દેશનાં આયુર્વેદિય ઔષધો—રસો ભસ્મો વિગેરે સુદ્ધ સંસ્કારી મળી શકવાની કેટલાકની તિવ્ર ઇચ્છા જોઇને તેમ મ્હેં મ્હારા પૂજ્યવર્ય ગુરૂજી પાસે જ્ઞાન મેળવીને તેમ અનેક ફાર્મસીઓમાં રસશાળાઓમાં—અથાગ શ્રમ વેઠી રટણ કરી જે અનુભવ સિદ્ધ કરેલો તેથીજ આ આયુર્વેદિય સિદ્ધ ચિકિત્સાલય અને ભારત આર્યોષધી ભંડારના કાર્યાલયની સ્થાપના કરેલી છે તો બંધુઓને જણાવવાનું કે દરેક ઔષધો શાસ્ત્રોક્ત પાઠ પ્રમાણે ખાસ કાળજીપૂર્વક બનાવેલાં છે. તો આ પ્રાઇસ લિષ્ટમાં દરેક ઔષધોના—તોલાના તેમ વૈદ્યો માટે સામટી દવાઓના સારી ભાવ છે તે વાંચી મંગાવવા કૃપા કરશો એજ વિજ્ઞપ્તિ.

અમદાવાદ.
તા. ૨૨—૧૨—૨૭.

લી.
વિદ્વાનોના કૃપાભિલાષિ
વૈદ્યશાસ્ત્રી રવિશંકર મોતીરામ ભટ્ટ

॥ भगवान् श्रीधन्वन्तरि विंजयते तराम् ॥

भक्ति पुष्प

श्रीमद्धिमाद्रि रिव धैर्यचतां वरेण्यः
कान्तः सुनीति निपुणोजनकल्मषघ्नः ॥
धन्वन्तरि विंजयते भिषजामधीशः
रुग्णान् जनान् विनिमयन् सुखितान्सुकुर्वन ॥१॥

श्रीशोददातु ममकर्मसु नित्यवृद्धिम्
यः सर्वदैव शु[illegible]ल मूर्तिः ॥
वात्सल्यदीव्य चरितामृत पान तृप्ताः
गायन्ति तद्विशदकर्ममुनीन्द्र[illegible]ः ॥२॥

श्रेयांसि वो [illegible]तु सर्व[illegible] हितानि
गांभीर्य धैर्य गुण वर्गयुतोरमेशः ॥
सुर्य प्रभेवतमसोघ्र विनाश कारी
विश्वेश्वरो जनसुखाय शुभ प्रदोऽस्तु ॥३॥

वन्दे पुराण निगमागम तत्वशिक्षा
दीक्षागुरुं सकल रक्षित जीववर्गम् ॥

नोल्लंगयन्तिसुधियो नयने भिधाराम्
म[illegible] सकल विश्वजन न लीनाः ॥४॥

शुभाहारं शुभाचारं धैर्यवन्तं चिरायुष[illegible] ॥
यत्कृपा कुरुते नित्यं तस्मै श्री गुरवे नमः ॥५॥
तमिष्ट देव मुद्दिश्य लोकानुग्रह काम्यया ॥
एतद्धिरोचकं पत्रं रचितं विदुषां[illegible]दे ॥६॥

હિમાલયની માફક ધૈર્યશાલી પુરુષોમાં શ્રેષ્ઠ–કાન્તીમાન નીતિચતુર–મનુષ્યના પાપને દૂર કરનાર દુઃખી જનોને સુખી કરનાર વૈદ્યોના અધિપતિ શ્રી ધન્વન્તરિ ભગવાનનો જય હો (નમસ્કાર હો) જે સદા સર્વદા શુદ્ધ વેષ ધારણ કરવાવાળા વિશાલ મૂર્તિ સ્વરૂપ અને જેમનું વાત્સલ્ય ભાવવાળું અને દીવ્ય ચરિત્રરૂપી અમૃતનું પાન કરીને તૃપ્ત થયેલા મહર્ષિઓ જેમ જેમના શ્રેષ્ઠ કર્મનું ગાન ગાય છે એવા લક્ષ્મીપતિ મ્હારા કર્મમાં નિત્ય વૃદ્ધિ કરો. (૨)

અતિ ધૈર્ય તેમજ ગુણના ભંડાર એવા અને સૂર્યની કાન્તિ સમાન અજ્ઞાન અંધકારને નાશ કરનાર એવા ભગવાન તમારૂ ઇચ્છીત સફળ કરો અને જન સુખના માટે કલ્યાણકારી હો. (૩)

પુરાણશાસ્ત્ર અને વેદનું શિક્ષણ આપનારા–સર્વ પ્રાણિ વર્ગનું રક્ષણ કરનારા–અને સર્વ જગતના સ્રષ્ટા–શ્રી ધન્વં-

તરિ ભગવાનની પ્રત્યે પ્રેરેલી મનુષ્યોની પ્રેમાળ દ્રષ્ટિએ પાછી વળતી નથી એવા દીક્ષા ગુરૂશ્રી ધન્વન્તરિ ભગવાન અમે નમસ્કાર કરીએ છીએ. (૪)

જેમની કૃપા માણસને સારા આહારવાળો-ધૈર્યશાળ -દીર્ઘાયુષિ બનાવે છે એવા શ્રીધન્વન્તરિ ભગવાનને નમસ્કાર હો. (૫)

તે એવા શ્રી ધન્વન્તરિ ભગવાનની પ્રેરણાથી લોક-કલ્યાણ માટે આ વિદ્ધદ્સભામાં રૂચીકર પત્ર અર્પણ કર્યું पियुष पाण्यनुचरोभिषक्वर पिंपली निवासी मोतीराम तनुजो रविशं शर्मा अघुना राजनगरे सारंगपुर वास्तव्यः ।

॥ શ્રી ધન્વન્તરયે નમઃ ॥

ભક્તિ—પુષ્પ

ભક્તિ પુષ્પ-૧

ધન્વન્તરી ભગવાન, દયાળુ પ્રભુ ધન્વન્તરી ભગવાન.
ધંન્તેરશ શુભ ગુરૂવારને, હસ્ત નક્ષત્ર નિદાન—દયાળુ૦
પૂર્ણ સ્વરૂપે પ્રગટી પોતે, દીધું અમૃત દાન—દયાળુ૦
શાસ્ત્ર પુરાણે આપ ગવાયા, સુર નર દે સનમાન—દયાળુ૦
આયુર્વેદના મૂળ પ્રવર્તક, આપ આદ્ય ભગવાન—દયાળુ૦
રવિશંકર કર જોડી માગે, તવ ચરણોનું ધ્યાન—દયાળુ૦

ભક્તિ પુષ્પ–૨

ધર્મ રૂપ ધન્વન્તરી પદમાં, પ્રણમું પ્રેમે વારંવાર;
તન મન ધન અર્પણ કરી ચિત્તમાં, ધ્યાન ધરી ઉચરૂં ઉચ્ચાર.
આર્ય ભુમિપર આર્ય જનોના, હિત અર્થે કીધું જે કામ;
સદારોગ્ય ચિત પ્રસંન્નતાનું ફળ દે અમ્મર રાખ્યું નામ.
અમ્મર આદિ સુરપતિના સ્થળમાં, પિયુષકુંભ સોંપ્યો સુખકાર;
ધર્મ રૂપ ધન્વન્તરી પદમાં, પ્રણમું પ્રેમે વારંવાર.
સદાનંદ મનરંજન છો, ભયભંજન લાયક નાયક વીર;
સુર નાયકની વ્યાધિ હરી, વળી નિર્મળ કીધું દિવ્ય શરીર.
મૃત્યુલોકના હિત અર્થે પ્રભુ, પૂર્ણ થયા છો પરમ ઉદાર;
ધર્મ રૂપ ધન્વન્તરી પદમાં, પ્રણમું પ્રેમે વારંવાર.
કદર કરે ઉત્તમ વિચારનો, પ્રેમ કરી ચિત્તમાં નિરધાર;
સદારોગ્ય ફળ પામે તે જન, તુજ કૃપા છે અપરંપાર.
તવનામામૃત પ્રતાપ બળથી, નિર્વિઘ્ને સૌ કારજ થાય;
સમ્મેલનમાં કઠીણ કાર્ય પણ, તુજ કૃપાથી સર્વ સધાય.
સદાનંદ પદ બક્ષો શેવકને, રવિશંકર પર રાખો પ્યાર;
ધર્મ રૂપ ધન્વન્તરી પદમાં પ્રણમું પ્રેમે વારંવાર.
સુર્ય નગરમાં સમ્મેલનઆ–ગુર્જર વૈદ્ય થકી ઉભરાય;
રસજ્ઞ પ્રભુ ધન્વન્તરી અમને શુભ કારજમાં કરજો સહાય.

ભક્તિ પુષ્પ-૩

(રાગ-હરિગીત)

જનનાં સકલ કલ્યાણનો ભંડાર હરિનું નામ છે,
કલિ મલ તૃણાંના ગંજમાં અંગાર હરિનું નામ છે;
પાવન તણું પાવન જગતમાં શ્રેય હરિનું નામ છે,
પંથે પરમ પદને જતાં પાથેય હરિનું નામ છે;
કવિવરોને વાણી તણો વિશ્રામ હરિનું નામ છે,
વૈદ્યો તણું જીવન પરમ સુખ ધામ હરિનું નામ છે;
સદ્ધર્મ રૂપી વૃક્ષનું શુભબીજ હરિનું નામ છે,
સંસારમાં સંજીવની મૂળીજ હરિનું નામ છે;
દુર્લભ મનુષ્યા દેહ કેરો લ્હાવ હરિનું નામ છે,
ભવસિંધુ પાર તરી જવા દૃઢ હરિનું નામ છે;
આ તક્ર સમ સંસારમાં નવનિત હરિનું નામ છે.
રવિદાસના હૈડા તણું તાવીત હરિનું નામ છે;

ભક્તિ પુષ્પ-૪

રાગ-ગઝલ. તાલ, ધમાલ

કરો હરિકા ભજન પ્યારે ઉમરિયાં બિત જાતી હૈ. (ટેક)
પૂર્વ શુભ કર્મ કર આયા મનુજ તન ધરણિમેં પાયા;
ફિરે વિષયોમેં ભરમાયા મૌત નહિ યાદ આતિ હૈ. ૧
બાલાપન ખેલમેં ખોયા જોબનમેં કામ વશ હોયા,
બુઢાપે ખાટ પર સોયા આશ મનકો સતાતી હૈ. ૨

આર્ય અમૃત

રાગ—ગજલ.

સ્વર્ગનું આર્ય અમૃત છે, હમારૂં આર્ય અમૃત છે.
આવેલું સ્વર્ગમાંથી આ, હમારૂં આર્ય અમૃત છે.
બનાવ્યું છે મધુરૂં આ, હમારૂં આર્ય અમૃત છે.
ઘણા ગુંણુથી ભરેલું આ, હમારૂં આર્ય અમૃત છે.
કિંમતી કલ્પતરૂ અમૃત, પ્રભુ ધન્વન્તરી લાવ્યા છે.
ત્રિકટુ ત્રિફળા જીરૂ, યષ્ટિ અજમો ભાવ્યા છે.
અભયનું દાન દેનારી, અમૃતા હરડે આવી છે.
અતિ અમૃત પાનારી, સત્વઘન ગળો ભાવી છે.
માહા ભયંકર વ્યાધિને, જરૂર એ ઝટ્ટ મટાડે છે.
પેટની પીડ કે ગોળો, દસ્તને સાફ લાવે છે.
અજીર્ણ ઉલટીનું સાધન, આંતરડાંને સુધારે છે.
કરે ખોરાકનું પાચન, શરીરમાં લોહી વધારે છે.
વધારે શું તમો માગો, ઘણાં દર્દો મટાડે છે.
પ્રભુની મહેરબાનીથી, અમોએ આ બનાવ્યું છે.

ભક્તિ પુષ્પ-૬

પ્રભુ પ્રાર્થના. (સુનરી સખી એરાગ)

ઇતના તો કરના સ્વામી, જબ પ્રાણ તનસે નીકલે,
ગોવિંદ નામ આવે, જબ પ્રાણુ તનસે નીકલે,
શ્રી ગંગાજીકા ઘાટ હો, યા યમુનાજીકા તટ હો,
મેરા શ્યામલા નીકટહો. જબ પ્રાણુ૦ ૧
ઘનશ્યામ નાગર નટ હો પહેરણુ પીતાંમ્બર પટ હો,
ખડા કમલ પનઘટહો. જબ પ્રાણુ૦ ૨
મેરા શ્યામલા ખડાહો, બંસીમે સ્વર ભરા હો,
તિરચ્છા ચરણુ ધરા હો. જબ પ્રાણુ૦ ૩
શીર સોહના મુંગટ હો, મુંખડે પે કાલી લટ હો,
એ ધ્યાન મેરે ઘટ હો. જબ પ્રાણુ૦ ૪
શ્રી વૃંદાવનકા સ્થલ હો, મુંખરેમેં તુલસી દલ હો,
શ્રી શિવ ચરણુકા જલ હો. જબ પ્રાણુ૦ ૫
ઉસ બખત જલ્દી આના, મુંજકો નહિ ભુલાના,
ભજન ધુની સુનાના. જબ પ્રાણુ૦ ૬
તુમેરા નામ આવે મુંખસે, મેરા પ્રાણ નીકલે સુખસે,
બચ જાધું ઘોર દુખસે. જબ પ્રાણુ૦ ૭
જબ કંઠે પ્રાણુ આવે, કોઇ રોગ ના સતાવે,
મોક્ષ દર્શના દીખાવે. જબ પ્રાણુ૦ ૮
એ શેવકકી અરજહે, માનો તો કયા હરજ હે,
એસી દાસકી ગરજ હે. જબ પ્રાણુ ૯

કુટુંબ પરિવાર સુતદારા સ્વપન સમ દેખ જગસારા,
માયાએ જાલ બિસ્તારા નહીં યહ સંગ જાતી હૈ. ૩
જો હરિકે ચરણુ ચિત લાવે સો ભવસાગર તર જાવે,
બ્રહ્માનંદ મોક્ષ પદ પાવે વેદ વાણી સુનાતી હૈ. ૪

ભક્તિ પુષ્પ ૫

રાગ—ગઝલ, તાલ ધમાલ.

હુઆ ભક્તન કે રખવાલે, છડીદાર હો તો એસા હો,
હુઆ નાપીક નંદલાલે, છડીદાર હો તો એસા હો. (ટેક)
પીતાને પુત્રકો પીડા, પ્રભુકા નામ કે ખાતર,
દીખાયા રૂપ વાં અપના, ભયાનક હો તો એસા હો. ૧
ગીરાયા બાણુસે વાલી, મીલાયા તેજમેં અપના,
પુત્રકો દાસ કર અપના, કૃપા કર હોતો એસા હો. ૨
અરે ગૌત્તમકી પત્નિ, હુઇ જો શ્રાપસે શલ્યા,
ચરણુ રજમેં બની અહલ્યા, ઉદ્ધારન હો તો એસા હો. ૩
અરે એક પીંડસે ઉત્પન્ન, હુવા વાયુસે હનુમંત,
કીયા અપના અરે ભગવંત, શરણાંગત હો તો એસા હો. ૪
અરે નરસિંહ કે ખાતર, આયે મધરાતકુ મોહન,
હુઆ માનબાઈ દીયા પાની, ચમત્કાર હો તો એસા હો. ૫
સમરો વોહી હે પ્યારા, જીવનકા વોહી આધારા,
છોડદો મોહ સંસારા, ભજાવત હો તો એસા હો. ૬

આર્ય અમૃત ચૂર્ણ

આ ચુર્ણ તો સ્વર્ગનું અમૃત તુલ્યજ છે તેમ ઘણું સ્વાદિષ્ટ છે અને પાચનક્રિયાને જલ્દી સુધારે છે અને એક-દમ સારી ભુખ ઉઘાડી પુષ્કળ ખોરાકને પચાવી દે છે. કબજી-યાતને મટાડી ઝાડો સાફ લાવે છે. અને અજીર્ણ તેમ ગમે તેવા ગોળાનું દરદ અગર વાયુથી આવતી ચુંક આંકડી કે પેટના આંતરડાના કે લીવરના જુના રોગો મટાડે છે તેમ મુંબાઈ કે પરદેશના પાણી વિકાર પણ જલ્દી સુધારે છે–તેમ ઘણાંજ દર્દો મટાડે છે–માટે જરૂર મંગાવો–અને દરેક વાપરો–ખાત્રી કરો—

આ ચુર્ણ ઘણું ઉપયોગી છે અને દરેક ઘરોમાં–કુટુંબોમાં કાયમ વાપરવા લાયક છે.

આ ચુર્ણ જુદા જુદા અનુપાનથી ઘણા રોગોને મટાડે છે. વૈદ્ય કે ડોકટરની ગરજ સારે છે.

વાપરવાની હકિકત:—જમ્યા પહેલાં યા પછી પણ મુખ શુદ્ધી માટે તો ઘણું સારૂં છે. પ્રમાણ–વા. ૪ થી ૮ સુધી લેવું.

પાચનક્રિયા મંદ હોય, ભુખ લાગતી ના હોય, ખાધેલો ખોરાક જલ્દી પાચન થતો ના હોય તો ચુર્ણ–વા. ૬ થી ૮ લેવું.

મળાવરોધ–કબજીયાત મટાડવા, ઝાડો સાફ લાવવા માટે ચુર્ણ વા. ૬ થી ૮ ગોળના પાણી સાથે અગર હરડે–સિંધાલુણ સાથે લેવું.

અજીર્ણ–કડવી ખાટી ઉલટી, અમ્લપિત્ત–છાતીમાં દાહ ચુંક, આંકડી કે કોલેરા માટે ચુર્ણ વા. ૬ થી ૮ આદુ–ફુદીનો અને હીંગ તથા મધ સાથે લેવું અગર તો દ્રાક્ષાસવ કે કર્પુરાસવ સાથે લેવું ઘણું સારૂં છે.

સંગ્રહણી–ઝાડા, મરડો, આમ–જળાસ માટે ચુર્ણ વા. ૬ થી ૮ શેકેલા–ઇંદ્રજવ–સુંઠ–બીલાનો ગર્ભ–હીંગ ને દહિંની છાશ સાથે લેવું.

લીવરના સોજા, વાયુના ગોળા, બરોળ–માટે ચુર્ણ વા. ૬ થી ૮ કુંવારપાઠાનો ગર્ભ, સંચળ, હળદરને ગોળ સાથે લેવું. અગર તો કુમારીકાસવ ને વજ્રક્ષાર સાથે લેવું ઘણું સારૂં છે.

મેદવાયુ માટે ચુર્ણ વા. ૮ મધ અને પાણી સાથે લેવું.

તાવ અને ખાંશી માટે ચુર્ણ વા. ૫ થી ૮ કડુ, કરીઆતાની પાંદડી અને સોડા સાથે અગર અતિવીષની કળીનો ઉકાળો ને મધ સાથે લેવું.

સ્ત્રિઓના–પ્રદર કે નબળાઇ વિગેરે માટે ચુર્ણ વા. ૬ થી ૮ આસોપાલવની છાલ, મોચરસ, જાંબુના ઠળીયા, જીરૂ ને સાકર કે ચોખાના ધોવરામણ સાથે લેવું અગર તો હમારૂં–**સુંદરી આર્ય અમૃત** સાથે લેવાથી જલ્દી ફાયદો થાય છે.

અશક્તિ–ધાતુની નબળાઈ કે મગજની નબળાઈ કે ધાતુક્ષય કે કોઇપણ પ્રકારની શરિરની અશક્તિ માટે ચુર્ણ વાલ ૮ **ચ્યવનપ્રાશાવલેહ (જીવન) સાથે લેવાથી** યાદશક્તિ

અને લોહી વધારી શરીર રૂષ્ટપુષ્ટ બનાવે છે. જરૂર હોય તો આજેજ જલ્દી મંગાવો.

તોલા ૨॥ સેમ્પલ પેકેટની	કિં. રૂ. ૦-૨-૬
તોલા ૫ ના પેકેટની ...	કિં. રૂ. ૦-૫-૦
તોલા ૧૦ ના પેકેટની ...	કિં. રૂ. ૦-૧૦-૦
રતલ ૦॥ ના ડબા ૧ ની...	કિં. રૂ. ૧-૪-૦
રતલ ૧ ના ડબા ૧ ની ...	કિં. રૂ. ૨-૮-૦

પોષ્ટેજ ચાર્જ જુદો પડશે.

બહાર ગામ માટે-વ્હી. પી.-પાર્સલથી મોકલાય છે. પરંતુ રૂપિયા ૨॥ થી ઓછા ઓર્ડરવાળાએ નાણાં અગાઉ મોકલવાં.

તા. ક.—વાપરનાર બન્ધુઓ-આપને આ સારૂં લાગે તો તુરતજ આપનો અભિપ્રાય જરૂર લખી મોકલાવશો.

સ્ત્રિઓની નબળાઈ—પ્રદર રોગ, ઋતુદોષ કે ગર્ભાષયના રોગો જલ્દી મટાડવા છે? સુવારોગની સારી પડીઓ ઉકાળો ને દવાની જરૂર હોય તો મંગાવો-લખો:-

---

નાના બાળકના ભયંકર રોગો-વરાધ, રતવા તાકીદે મટાડી શરીર રૂષ્ટપુષ્ટ બનાવવાં હોય, તેમ ભારગોળી, રતવાગોળી, બાળાગોળી કે શુદ્ધ ખાપરીયુ જોઇએ તો મંગાવો. લખો:-સંગ્રહણીના ખાસ અનુભવી—

ભક્તિ પુષ્પ-૭

(રાગ ગઝલ)

શ્રીરામ કહેનેકી મઝા, જીસ્કી ઝબાંપે આ ગયા;
જીવન મુક્ત હો ગયા, ચારો પદારથ પા ગયા. [ટેક.]

લુંટી મઝા પ્રહલાદને ઉસ નામકે પરતાપસે;
નરસીંગ હો દરશ દીયા, ત્રીલોકમે જશ છા ગયા. શ્રીરામ૦

એસી ભીલન શબરી કીસ પ્રેમસે સુમરન કીયા;
પરમાત્મા ઘર આયકે ઉસ હાથસે ફલ પા ગયા. શ્રીરામ૦

વાલ્મિકી બડા અધર્મિ ઉસ નામકા સુમરન કીયા;
સત્‌કોટી રામાયણુ કરકે પ્રભુ પદારથ પા ગયા. શ્રીરામ૦

સત કોટીકી તકસીસમેં જબ શંભુને પાયા ઉસે;
જાપે કૃપા ભઇ, ઉનકી સદગુરૂશે દર્શા દીયા. શ્રીરામ૦

સબસે બડા દરજા દીયા ભક્તો કો ઈસ કલી કાલમેં;
નરસીંહકી હુંડી દ્વારીકામેં શામલે સીકરાદીયા. શ્રીરામ૦

છા રહી કીરત વીમલ રૂતુ રાજસી સંસારમેં:
અબ્ર કેમાનીંદ તુલસી, પ્રેમરસ બરસાદીયા. શ્રીરામ૦

તમારે મગજની નબળાઈ મટાડવી છે—યાદશક્તિ, બુદ્ધિ, બળ, વધારવું હોય તો વાપરો.

સરસ્વતિ જીવન

કારણ તે યાદશક્તિ, બુદ્ધિ, બળ, જલ્દી વધારે છે. તેથી ભણતા વિદ્યાર્થીઓ પરિક્ષાઓમાં પાસ થાય છે. વહેપારીઓ—શ્રીમંતો કે મિલએજંટો વાપરે તો સારૂં છે. વકીલો, સ્કુલના માસ્તરો કે કોઈ પણ મગજમારીનું કામ કરનારાઓ, વાપરે તો તેમની મગજશક્તિ વધારે છે. અને તે નિર્ભય ને સ્વાદિષ્ટ છે. વિશેષમાં કે તે ઉન્માદ, ઘેલછા, વાઇ, હિસ્ટિરીયા કે જુના મગજના વ્યાધિ મટાડે છે અને શક્તિ તથા લોહી વધારે છે. જરૂર હોય તો આજેજ મંગાવો. **રતલ ૧ ના પોટની કિં. રૂ. ૫—૦—૦ રતલ ૦।। ની** કિં. રૂ. ૨—૮—૦ પોષ્ટેજ ચાર્જ જુદો પડશે.

શ્વાસ, કાસ, દમ, અને ક્ષય માટે ખાસ વાપરવા લાયક

સહસ્ત્રપુટી અભ્રક ભસ્મ

આયુર્વેદમાં અમૃત સમાન ગુણવાળી માનેલી—આ ભસ્મ ઘણા પ્રયત્ને કાળા વજ્રા અભ્રકની બનાવેલી છે. ઘણો શ્રમ વેઠી ઘણા વર્ષે તૈયાર થયેલી છે. આ ભસ્મથી શ્વાસ, કાસ, દમ, ક્ષય, ધાતુક્ષય કે મહા ભયંકર વ્યાધિઓને પણ મટાડે છે અને સર્વ શક્તિ આપી—બુદ્ધિ, બળ અને આયુષ્ય વધારે છે. જરૂર હોય તો સત્વર મંગાવી લ્યો. **સહસ્ત્રપુટી તો. ૧ની કિં. રૂ. ૪૦—૦—૦, પાંચસોપુટી તો. ૧ની કિં.** રૂ. ૨૦—૦—૦ પોષ્ટેજ વિગેરે ચાર્જ જુદો.

ભક્તિ પુષ્પ–૮

રાગ–ગઝલ ભૈરવી

કરીલે ભાવથી ભક્તિ, તર્યા છે કંઈ તરી જાશે,
ધરી શ્રી ચરણોની આશક્તિ, ઠર્યા છે કંઈ ઠરી જાશે. (૧)
સદા કરણી ઉત્તમ કહીએ, તો વાલ્મિકીને ચિત્ત લઈએ,
બન્યા મુની કાર્ય ચટ દઈને, સર્યા છે કંઈ સરી જાશે. (૨)
અવસ્થા ધ્રુવની નાની નથી એ વાત કંઈ છાની,
વિબુધો દ્રઢતાને માની, ડર્યા છે કાંઇ ડરી જાશે. (૩)
નાહોતી વિદ્યા હસ્તીમાં, વિષયની રહેતો મસ્તીમાં,
ભંડારો ભય હર અસ્તીમાં, ભર્યા છે કંઇ ભરી જાશે. (૪)
હતા સુત ખાસ દાસીના, વિદુર ભોગી વીલાસીના,
પદે વૈકુંઠ વાસીના, વર્યા છે કંઈ વરી જાશે. (૫)
પિતા કંસના ઉગ્રસેને, સમર્યા યદુવીર દિવસ રૈને,
ઉત્તમ અવનીસને નયને, ધર્યા છે કંઇ ધરી જાશે. (૬)
કુબજા રૂપ હીનાને, પ્રભુ રાધાથી પ્રીય માને;
સ્વવશ એ પ્રભુ કહાનાને, કર્યા છે કંઈ કરી જાશે. (૭)
સુદામો પામે અતિ પીડા, કરે નિરધનતા સહ ક્રીડા,
દુખો સમજી વચન મીઠા, હર્યા છે કંઇ હરી જાશે. (૮)
સબળ એ સત્ય સાબિતી, સમજતાં શી રહે ભીતિ,
અમૃત પ્રભુપદ ધરી પ્રીતિ, સમર્યા છે કંઈ સ્મરી જાશે. (૯)

ભક્તિ પુષ્પ–૯

રાગ–ગઝલ

શરણુ આવી પડેલાંને પ્રભુ! સંભાળશો ક્યારે ?
અમીની આંખડી વહાલા! અમોપર ઢાળશો ક્યારે ?

તમારા ભક્ત અર્જુનને, કુરૂક્ષેત્રે દીધેલાં જે;
પ્રભુ! તે આપનાં વચનો, હવે તો પાળશો ક્યારે ?

થતી સદ્ધર્મની ગ્લાનિ, છલાતુ પાપથી ભારત;
સનાતન ધર્મનું ડિંડિમ, ફરી વગડાવશો ક્યારે ?

परित्राणाय साधुनाम्, કહેલું શ્રી મુખે સ્વામિન્!
ધરી અવતાર કલિયુગમાં, પ્રગટ દર્શાવશો ક્યારે ?

अन्यन्याश्चिंतयतामाम्, વિગેરે ભાવનાં વચનો;
પુનઃતે યાદ લાવીને, બિરદ બતલાવશો ક્યારે ?

કહ્યું તું સર્વ ધર્મોને, ત્યજીલે શરણુ તું મારૂં;
બચાવીસ સર્વ પાપોથી, કહો છોડાવશો ક્યારે ?

સુરક્ષા ગાયની કરવા, સ્વયં ગોપાલ કહેવાયા;
હવે એ ગાયના માટે, સુદર્શન ધારશો ક્યારે ?

ગયા પાતાલમાં વેદો, ગયા તપસ્વિ અને યગ્નો,
ગયા પર્જન્ય ભુતલથી, કૃપાળો લાવશો ક્યારે ?

ગયું તે યોગબળ સાચું, અને અધ્યાત્મ વિદ્યા ક્યાં ?
ગયુંતે ક્ષત્રિબલ નાશી, પુનઃ પ્રગટાવશો ક્યારે ?

હતિ આ સ્વર્ગ સમ ભૂમી, તમો અવતાર લેતાજ્યાં ?
અરેરે ! એ બિચારીને, પ્રભો ! ઉદ્ધારશો ક્યારે ?
લુંટાતી લાજછે લક્ષ્મી, સહઆક્ષે નિહાળો છો ?
દયાસિન્ધુ ! દયા દીલની, પુનઃ રેલાવશો ક્યારે ?

ભક્તિ પુષ્પ. ૧૦

(રાગ–પ્રભાત)

દીનનો દયાળ છોડી કોની શરણુ જાઉં
એકરામ નિરાકાર, સોઈ ધામ પાઉં–દીનનો
એક વચન એક બાણુ, એક પત્નિ સૈયા,
એસે પ્રભુ છોડકે હમ, કિનકુ ભજુ ભૈયા–દીનનો
જીસ ઘટમે રામનામ, સોહી ઘટહૈ સચ્ચા,
રામકો સ્વરૂપ જાને, સોઇ ગુરૂકા બચ્ચા, દીનનો
ભક્તનકે કાજ, મહારાજ સગુણ ધારી,
સબનકે કરી ઉદ્ધાર. પિંગલા ઉદ્ધારી–દીનનો
પ્રભુ ગરીબનકો નિવાજ, મેં ગરીબ તેરા,
એક બેર કહો દયાલ, તુલસીદાસ મેરા–દીનનો

ભકિત પુષ્પ-૧૧

(રાગ—શું કહુ કથની મારી રાજ)

નટવર ગિરીવરધારી શ્યામ, નટવર ગિરીવરધારી,
છો ભક્તતણા હીતકારી શ્યામ, નટવર ગિરીવરધારી,(૧)
ટચલી આંગળીએ ગોવર્ધન તોળ્યો, ઈંદ્રનો ગર્વ ઉતાર્યો
પેસી પાતાળે કાળીનાગ નાથ્યો, ફેણુપર નૃત્ય કરાવ્યો
શ્યામ નટવર
અગા બગાસુર રાક્ષશ માર્યા, દાવાનળ પાન કરાયો,
માત પીતાકો બંધ છોડાવ્યો, કાળા ગૃહમાં પ્રગટી.
શ્યામ—નટવર
કુબજા તારી અહલ્યા ઉગારી, મામાતે કંસને મારી,
માસી પુતનાના પ્રાણુજ લીધા, બાલ મુંકદ મોરારી
શ્યામ—નટવર
મથુરામાં જન્મી ગોકુળ ઉછરી, નંદઘેરધેનું ચરાવી,
જમુના તટપર બંસી બજાવી શેવકને શાંન્તી કરાવી,
શ્યામ નટવર

ભક્તિ પુષ્પ-૧૨

(રાગ—વનમાં ભુલી પડીરે)

મ્હાને ભુલી જઈરે, સેવો સર્જનો તુળશી માત;
ઉપાયો છે હજીરે, શીખામણ સમજી લ્યોને ભ્રાત. (ટેક)
તુળસી માતા છે ઘણી ગુંણુકર, શિશુ ગણી મ્હાનારી;
તુળસી તણું શેવન કરશો તો, દે ભવસાગર તારી. મ્હાને ૧

પંચભુતના પાપી દોષો, વાત પિત્ત વિકારો:
જ્વર જરાયુ ઉલટી ખાંશી, વ્યધિનો નાવે આરો. મ્હાને ૨
ત્રિદોષકે સન્નિપાત તેરને, અભયાદી કવાથ હઠાવે;
તુળશી તણો ઉકાળો પીતાં, લ્હેજ્જત સારી આવે. મ્હાને ૩
સર્વ શક્તિ તનને આપે, જ્વર આળસ ઉથાપે;
તનમનના સૌ વ્યાધિટાળે, શ્રેષ્ટ સુગંધ પ્રતાપે. મ્હાને ૪
શરીર તણી સંપતી વધારે, દિવ્ય શરીર બનાવે;
ખરૂં અમૃત રગેરગમાં રેડી, મહાન વ્યાધિ હઠાવે. મ્હાને ૫
આયુષ્યવાન ગુણવાન બનાવે, દુષિત દોષોટાળી;
તુળશીતણું નિત્ય શેવન કરજો, દુધ પાણીમાં ઉકાળી. મ્હાને ૬
પીપર એલચી સાકર નાખી, સુગંધિત આનંદ આપે:
મહાનજ્વર કે જીર્ણ જ્વરને, મટાડે પ્રભુ પ્રતાપે. મ્હાને ૭
આરોગ્યવાન નિતીમાન બનાવે; જીવન જરાયુ સુધારે;
કલ્પતરૂ સમ તુળસી મુંકી, શું દેખ્યું મ્હામાં વધારે. મ્હાને ૮
સત્પધાતુ મ્હા બગાડી નાખે, નિરમાલ્ય શરીર બનાવે;
દુષ્ટ મ્હાને કાડો ઘરમાંથી, જાગૃતિ ઝટ તુળશી લાવે. મ્હાને ૯
શું શીખામણ દઇએ તમને, સુજ્ઞબંધુઓ હમારા;
વિષેશ કહેવું શું વધારે, ફાયદા ઘણા તમારા. મ્હાને ૧૦
કહેવાની માહરી ફરજ સમજુ સમજેતો ઘણું સારૂં:
ધન્વન્તરી પ્રભુ સદ્બુદ્ધિઆપો, રવિશંકર નામ મ્હારૂં. મ્હાને ૧૧

श्रीभारत आर्यौषधी भंडार

आयुर्वेदीय शास्त्रोक्त औषधोना प्रसिद्ध कार्यालय

અનુભવસિદ્ધ દવાઓ

રસશાળામાં બનતાં લોકપ્રિય ઔષધોનું

પ્રાઇસ લિસ્ટ

:: ભસ્મો ::

ઔષધનું નામ   મુખ્ય ગુણ (ખાસ વૈદ્યો માટે) સાફી ભાવ

	કિં. તો. ૧ની	કિં. તો. ૨॥ની
	રૂ. આ.	રૂ. આ.
અભ્રકભસ્મ—	રૂ. ૪૦–૦	૭૫–૦

(સહસ્ત્રપુટી) ક્ષય, શ્વાસ, ખાંસી ધાતુક્ષીણ, અશક્તિ આ ભસ્મ ક્ષયના દરદિ માટે ઘણી ઉપયોગી છે. માત્રા ૧ થી ૨ રતી.

અભ્રકભસ્મ— રૂ. ૨૦–૦ ૩૭–૮

(પાંચસોપુટી) ગુણ ઉપર પ્રમાણેમા ત્રા ૧ થી ૩ રતી, મધમાં લેવી.

અભ્રકભસ્મ— રૂ. ૧૦–૦ ૧૯–૦

(સત પુટી) ગુણ ઉપર પ્રમાણે. માત્રા ૨ થી ૪ રતી, મધ સાથે લેવી.

કાન્તલોહભસ્મ— રૂ. ૫-૦ ૧૦-૦

પાંન્ડુમાં, ક્ષય, અગ્નિમંદ, અશક્તિ, ધાતુની નબળાઇ, હૃદયના રોગ, શ્વાસ, સોજા, વાયુ વિગેરે, માત્રા ૧ થી ૩ રતી, મધ પીપરમાં.

લોહભસ્મ—નં. ૧ રૂ. ૪-૦ ૭-૮

ગુણ ઉપર પ્રમાણે. માત્રા ૧ થી ૪ રતી.

લોહભસ્મ—નં. ૨ રૂ. ૨-૮ ૫-૦

ગુણ ઉપર પ્રમાણે. માત્ર ૨ થી ૪ રતી.

બંગભસ્મ—નં. ૧ રૂ. ૪-૦ ૭-૮

પ્રમેહ, પ્રદર, શ્વાસ, ક્ષય, વીર્યસ્રાવ, મગજની નબળાઇ. માત્રા ૧ થી ૩ રતી માખણ સાથે.

નાગભસ્મ— રૂ. ૪-૦ ૭-૮

(સીસાની ભસ્મ) પાન્ડુ, પ્રમેહ, ક્ષય, અશક્તિ, પેશાબનાં દરદો ઉપર સારૂં કામ કરે છે. માત્રા ૧ થી ૩ રતી માખણ સાથે.

જસતભસ્મ— રૂ. ૪-૦ ૭-૮

પ્રદરરોગ, કમતાકાદ, પાન્ડુ, પિત્ત, કફશ્વાસ, ઉન્માદ, હિસ્ટીરીઆ, મગજની નબળાઇ, જીર્ણજ્વર વિગેરે. માત્રા ૧ થી ૨ રતી.

રૌપ્યભસ્મ— રૂ. ૧૦-૦ ૨૦-૦

(ચાંદીની ભસ્મ) ગુલ્મ, શ્વાસ, પાન્ડુ, ક્ષય શ્વાસ, ધાતુદોષ, દાહ, પિત્ત, પ્રમેહ, માત્રા ૧ થી ૨ રતી માખણ સાથે.

તામ્રભસ્મ— રૂ. ૫-૦ ૧૦-૦

(ત્રાંબાની ભસ્મ) શ્વાસ, કાસ, પાન્ડુ. હૃદયના રોગ ને દમ ઉપર ઘણી અકસીર છે. માત્રા ૧ થી ૨ રતી મધ કે ઘી સાકરમાં.

મંડુરભસ્મ— રૂ. ૧—૦ ૨—૦

પાંડુરોગ, કમળો, બરોળની ગાંઠ, સોજા, રક્તવિકાર. માત્રા ૩—૫ રતી.

પ્રવાળભસ્મ— રૂ. ૧—૦ ૨—૦

મૂત્રરોગ, ક્ષય, અશક્તિ, જુનો મધુપ્રમેહ, શુક્રદોષ, વીર્યસ્રાવ માટે ઉપયોગી છે. માત્રા ૩—૬ રતી મધ સાથે.

પ્રવાળપિષ્ટ ૧—૮ ૩—૦

ગુણ ઉપર પ્રમાણે. માત્રા ૩—૬ રતી.

સુવર્ણમાક્ષીકભસ્મ ૨—૦ ૪—૦

પાન્ડુ, કમળો, હૃદયરોગ, સોજા, જીર્ણ, પ્રમેહ, હરસ, કુષ્ઠ, સ્ત્રીઓના ગર્ભાશયના રોગ, કસુવાવડથી અશક્તિ માટે સારી છે. માત્રા ૨—૬ રતી. મધ પીપર સાથે.

ચતુરબંગભસ્મ ૫—૦ ૧૦—૦

શુક્રદોષ, શ્વાસ, કાસ, વીર્યસ્રાવ, નબળાઇ, ધાતુ પાતળી પડવી, વિગેરે માટે. માત્રા ૧—૩ રતી મધમાં.

સાબરશૃંગભસ્મ (સાબરશીંગાની) ૦—૮ ૧—૦

શ્વાસ, શૂળ, કફ, રક્તાતિસાર, દમ, રક્તપિત્ત, ખાંસી વિગેરે. માત્રા ૧—૩ રતી.

શંખભસ્મ ૦—૮ ૧—૦

ગુલ્મ, શૂળ, મંદાગ્નિ, અજીર્ણ, કફ ઉપર માત્રા ૨—૪ રતી. મધ, લીંબુના રસમાં.

સુક્તિભસ્મ ૧—૦ ૨—૦

શ્વાસ, શૂળ, ધાતુ તથા જ્ઞાનતંતુની નબળાઇ માટે સારી છે. માત્રા ૨—૪ રતી માખણમાં.

.·. રસ માત્રાઓ .·.

ઔષધનું નામ **મુખ્ય ગુણ** **કિં. તો. ૧ની કિં. તો. રાા ની**

રૂ. આ. રૂ, આ.

પૂર્ણચંદ્રોદયરસ—(સુવર્ણઘટીત) ૬૦-૦ ૧૦૦-૦

પરમ પુરૂષત્વ આપે છે. ધાતુની નબળાઇ નપુંસકપણું, કમતાકાદ ને શક્તિની સર્વોત્તમ દવા છે. માત્રા ૧-૨ રતી.

અનુપાનઃ-કપુર, જાયફળ, લવીંગ, કસ્તુરી, પીપર તથા પાનના રસમાં ગોળી વાળવી.

ચંદ્રોદય (પૂર્ણ)—(અનુપાન સાથેની ગોળી) રૂ. ૧૬-૦ ૩૦-૦

શકિત આપે છે ને ગુણ ઉપર પ્રમાણે. માત્રા ૧-૨ રતી.

ચંદ્રોદયની ગોળી—(અનુપાન સાથેની) રૂ. ૧૨-૦ ૨૫-૦

ગુણ ઉપર પ્રમાણે. માત્રા ૧-૨ ગોળી.

સુવર્ણ વસંતમાલિની— રૂ. ૧૬-૦ ૩૦-૦

ક્ષય, દમ, ખાંસી, અશકિત, ધાતુગત જ્વર, મંદાગ્નિ, વિષમ જ્વર વિગેરે માટે. માત્રા ૧-૨ રતી. મધ પીપરમાં, આ શીયાળામાં લેવાથી શકિત વધે છે. આમાં સોનું, મોતી, જસત ભસ્મ આવે છે.

પંચામૃતપર્પટી— રૂ. ૫-૦ ૧૦-૦

સંગ્રહણી, પાન્ડુ, મંદાગ્નિ, જીર્ણજ્વર, અશકિત, સોજા આ **સંગ્રહણી**ના દરદીઓની ખાસ દવા છે. માત્રા ૧-૩ રતી. છાસ પીવી. (મોળા દહિંની છાશ પીવી)

રસપર્પટી— રૂ. ૪-૦ ૭-૦

સંગ્રહણી, પાંડુ, અશકિત માટે. માત્રા ૧-૨ રતી.

તામ્રપર્પટી— ૪–૦ ૭–૮

ક્ષય, સન્નીપાત, પાન્ડુ, શળ, કુષ્ઠરોગ, પ્રમેહ, વાત પિત્તદોષ, શ્વાસ, દમ, સંગ્રહણી. માત્રા ૧ વાલ.

રાજમૃગાંક રસ—(સુવર્ણ યુક્ત) રૂ. ૧૦–૦ ૨૨–૦

ક્ષય, શ્વાસ, કાસ, પાન્ડુ, જ્વર, અતિસાર, અશક્તિ માટે. માત્રા ૧–૨ રતી.

રસસિંદુર રસ— રૂ. ૪–૦ ૭–૮

ગરમી, ઉપદંશ, અશક્તિ માટે. માત્રા ૨–૪ રતી.

લક્ષ્મીનારાયણ રસ— રૂ. ૪–૦ ૭–૮

આંચકી–તાણ–અપસ્માર વિગેરેમાં આદુનો રસ ને મધ સાથે. ગોળી ૧ થી ૨

ગર્ભપાળ રસ— રૂ. ૨–૮ ૫–૦

ગર્ભિણી સ્ત્રીઓના સર્વ રોગ મટાડી ગર્ભનું પોષણ કરે છે, કસુવાવડ થતી અટકે છે, માત્રા ૧–૩ રતી. દ્રાક્ષના પાણી સાથે.

લોકનાથ રસ— રૂ. ૨–૮ ૫–૦

ક્ષય, ખાંસી, દમ, રક્તપિત્ત, અતિસાર, શ્વાસ માટે. માત્રા ૧–૨ રતી, મધ, પીપરમાં.

ગ્રહણીકપાટ રસ— રૂ. ૨–૮ ૫–૦

સંગ્રહણીના ઝાડા, અતિસાર માટે. માત્રા ૧–૨ રતી.

ત્રિભુવનકીર્તિ રસ— રૂ. ૦–૧૦ ૧–૪

સર્વ પ્રકારના જ્વર, દરેક જાતના તાવ, સન્નિપાત કે ન્યુમોનિયા માટે ઉત્તમ. માત્રા ૧–૨ રતી.

કનક સુંદર રસ— રૂ. ૦–૧૦ ૧–૪

સંગ્રહણી, જ્વર, મંદાગ્નિ, અતિસાર વિગેરે માટે માત્રા ૧–૨ રતી. મધ સાથે.

આનંદભૈરવ રસ— રૂ. ૦–૧૦ ૧–૪

સર્વાતિસાર, વાયુપ્રકોપ, અતિસાર જ્વર માટે. માત્રા ૧–૨ રતી. આદુના રસ સાથે.

જ્વરમુરારી રસ— રૂ. ૦–૧૦ ૧–૪

ઝાડાની કબજીયાત નવીન જ્વર માટે માત્રા ૧–૩ રતી, મધ આદુના રસ સાથે.

ઇચ્છાભેદી રસ— રૂ. ૦–૧૦ ૧–૪

દસ્તની કબજીયાત, આફરો, મળાવરોધ, ઉદરરોગ, પક્ષઘાત, સોજા એ રોગોમાં સખ્ત જુલાબની જરૂર પડે ત્યારે માત્રા ૧–૨ ગોળી.

પંચવક્ર રસ— રૂ. ૦–૧૦ ૧–૪

સન્નિપાત, ત્રિદોષજ્વર, શ્વાસ, ખાંસી માટે. માત્રા ૧–૨ રતી. તુળસીનો રસ ને મધ સાથે.

ભૈરવ રસ— રૂ. ૪–૦ ૭–૮

શ્વાસ, ખાંસી દમ, ક્ષય, જ્વર વિગેરે માટે. માત્રા ૧–૨ ગોળી આદુનો રસ ને મધ સાથે.

ગ્રહણીગજકેસરી રસ રૂ. ૪–૦ ૭–૮

ભયંકર સંગ્રહણી, અતિસાર, અગ્નિમાંદ્ય, શૂળ, પાંન્ડુ, ઝાડાના રોગ માટે. માત્રા ૧—૨ રતી. મધ સાથે. મોળા દહિંની છાશ પીવી.

પાસુપત રસ રૂ. ૧–૮ ૩–૦

અતિસાર, સંગ્રહણી, વાત્ત, પિત્ત, કફ, અજીર્ણ, શૂળ માટે માત્રા ૨—૩ રતી.

સંભુનાથ રસ રૂ. ૪–૦ ૭–૮

ભયંકર સંગ્રહણી, અતિસાર, ક્ષય, શ્વાસ, કાસ, જ્વર, અશક્તિ માટે ઘણો સારો છે. માત્રા ૧—૨ રતી.

અગ્નિકુમારરસ રૂ. ૦–૧૦ ૧–૪

શૂળ, અજીર્ણ, મંદાગ્નિ, અશક્તિ માટે. માત્રા ૧—૨ રતી.

દુગ્ધવટી— રૂ. ૧–૮ ૩–૦

સંગ્રહણી, સોજા, મંદાગ્નિ વિગેરે માટે ફક્ત દુધ પીને જ રહેવું માત્રા ૨ રતી. ભસ્મોયુક્ત નં. ૧ ની કિં. રૂ. ૮–૦

કેસરાદી—(દેવકુસુમાદી) રૂ. ૪–૦ ૭–૮

ભયંકર ચાંદી ગરમી, ઉપદંશ, વિષ્ફોટક, ચામડીના રોગો, વ્રણ, ફિરંગીવાયુ. માત્રા ૨-૪ ગોળી. ઘી, સાકરમાં ગળી જવી.

ગંધકરસાયણ—નં. ૧ રૂ. ૨–૦ ૪–૦

ખસ. હરષ, વિષદોષ, વાતરક્ત, પ્રમેહ, ક્ષય કુષ્ઠરોગ, શૂળ, મંદાગ્નિ, હૃદયના દરદો મટાડી લોહી શુદ્ધ કરે છે. ચામડીના રોગો ખસ ખરજવાં વીગેરે માટે માત્રા ૨–૪ વાલ. ઘી, સાકરમાં.

વિર્યગંધક—રસાયન નં. ૨ રૂ. ૦–૮ ૧–૦

મંદાગ્નિ, કુષ્ઠ, વીર્યદોષ, ધાતુક્ષય, પ્રમેહ લોહીના વિકાર મટાડે છે

:: ગુગળ–ગુટીકા ::

		કિં. તો. ૧ ની	કિં. તો. ૨॥ ની

ગંધકવટી— રૂ. ૦–૧૦ ૧–૪

શુળ, સંગ્રહણી, આમદોષ, ગોળો, વિષૂચિકા વિગેરે મટાડી ભુખ લાગે છે, પ્લેગની રૂતુમાં આ ગોળી સર્વોત્તમ છે. માત્રા ૧—૨ ગોળી.

શંખવટી— રૂ. ૦–૧૦ ૧–૪

અજીર્ણ, ગોળો, શુળ, કોલેરા માટે. માત્રા ૧—૨ ગોળી.

આરોગ્યવર્ધની— ૨–૦ ૪–૦

સર્વ જાતના ઉદરરોગ, કુષ્ટ, સોજા, સુતિકા રોગ માટે માત્રા ૨—૪ વાલ. દુધસાથે લેવી.

અશ્વચોળી— રૂ. ૦–૧૦ ૧–૪

મળ શુદ્ધિ કરે છે, ત્રિદોષજ્વરને મટાડે છે. જુલાબ માટે માત્રા ૧—૪ ગોળી.

ચંદ્રપ્રભાવટી—(સીલાજીતવાળી પ્રમેહ માટે) રૂ. ૧–૦ ૨–૦

વીશ પ્રકારના પ્રમેહ, દાહ, ગરમી, તાવ માટે. માત્રા ૧—૨ ગોળી. દુધ સાથે.

મહાયોગરાજ ગુગળ— રૂ. ૨–૦ ૪–૦

સર્વ પ્રકારના સ્ત્રીઓના ઋતુદોષ, ધાતુદોષ, પ્રમેહ, ગુલ્મ, વાતવ્યાધિ, વંધ્યત્વ, હિસ્ટીરીઆ, માત્રા ૨—૮ વાલ. મધમાં

લઘુયોગરાજ—(વાતવ્યાધિ માટે) રૂ. ૧–૦ ૨–૦

ગુણ ઉપર પ્રમાણે. માત્રા તો ૦ા–૦॥

સિંહનાદ ગુગળ— રૂ. ૧—૦ ૨—૦
વાત, બંધકુષ, લોહી બિગાડ, સર્વ પ્રકારના વાયુ, આમવાત, ગુલ્મ, શૂળ માટે. માત્રા તો. ૦।

કંન્યા લોહાદિ ગુટીકા— રૂ. ૦—૧૦ ૧—૪
ઋતુ નિયમીત લાવે છે. માત્રા વાલ ૨. ગોળના પાણી સાથે.

:: ચૂર્ણો ::

	કિં. તો. ૧૦ની	કિં. તો ૪૦ની
	રૂ. આ.	રૂ. આ.
અજીર્ણાંકુશ—(અજીર્ણ માટે)	રૂ. ૦—૧૦	૨—૦

અજીર્ણ, આફરો, કોલેરા, ઉલટી, ચુંક, મોળ, અમ્લપિત્ત માટે માત્રા તો. ૦।—૦।।

સારસ્વત ચુર્ણ— રૂ. ૦—૧૦ ૨—૦
ઉન્માદ, મગજની નબળાઇ માટે. માત્રા તો. ૦।—૦।।

શીવા-ક્ષાર પાચન ચુર્ણ— રૂ. ૦—૧૦ ૨—૦
કબજીયાત, આફરો, અજીર્ણ માટે. માત્રા તો. ૦।—૦।।

વૃદ્ધ ગંગાધર ચુર્ણ— રૂ. ૦—૧૦ ૨—૦
મરડો, ઝાડો, સંગ્રહણી, અતિસાર માટે. માત્રા ૦। તો. ચોખાના ધોવણ સાથે.

વડવાનળ ચુર્ણ— રૂ. ૦—૧૦ ૨—૦
મંદાગ્નિ, અજીર્ણ. કબજીયાત મટાડી ભુખ લાગે છે. માત્રા ૨—૮ વાલ

હિંગાષ્ટક ચુર્ણ— રૂ. ૦-૧૦ ૨-૦

મંદાગ્નિ, વાયુ, ચુંક, અજીર્ણ, આફરો, મોળ માટે માત્રા તો. ०।
પાણી સાથે.

ત્રીફળા ચુર્ણ— રૂ. ૦-૮ ૧-૮

કબજીયાત, લોહી બીગાડ, મળાવરોધ માથાની ગરમી માટે.

સિતોપલાદિ ચુર્ણ— રૂ. ૧-૪ ૪-૦

શ્વાસ, ખાંસી, ક્ષય, અગ્નિમાંદ્ય, જીર્ણતાવ. માત્રા તો. ०।
મધ કે ઘીમાં.

સરસ્વતી ચુર્ણ— રૂ. ૧-૪ ૪-૦

ઉન્માદ, અપસ્માર, મગજના રોગો મટાડી બુદ્ધિ તથા સ્મરણ
શક્તિ વધારે છે. માત્રા તો. ०। મધ તથા ઘીમાં.

નારાયણ ચુર્ણ— રૂ. ૦-૧૦ ૨-૦

ઉદર વ્યાધિ, પાંડુ, ખાંસી વિગેરે માટે. માત્રા તો. ०।

વિડંગતન્દુલ ચુર્ણ— રૂ. ૧-૪ ૪-૦

ગરમીનાં દરદો, ચામડીનાં દરદો, છાતીનાં દરદો વિગેરે જુદા
જુદા અનુપાનથી તમામ દરદો મટે છે. માત્રા તો. ०॥-૧

સ્વાદિષ્ટ ચુર્ણ— રૂ. ૦-૧૦ ૨-૦

ભુખ લગાડે ને ખોરાક પચાવે છે, વાયુ મટાડે છે.

શિવા ચુર્ણ—(કબજીયાત મટાડવા) રૂ. ૦-૧૦ ૨-૦

અનાજને પચાવી દસ્ત સાફ લાવે છે. માત્રા તો. ०। પાણી સાથે.

મહાસુદર્શન ચુર્ણ— રૂ. ૦- ૦ ૨-૦

સર્વ પ્રકારના તાવ, મંદાગ્નિ, બંધકોષ તથા સર્વહર છે.
માત્રા તો. ०।, ગોળના પાણી સાથે.

:: આસવ–અરિષ્ટ ::

	કિં. તો. ૧૦ની	કિં. તો. ૪૦ની
કુમારીકાસવ—નં. ૧	રૂ. ૦–૧૨	૨–૦

બરોળ, ગુલ્મ, સ્ત્રીઓના ઋતુદોષ, ખાંસી, શ્વાસ, ક્ષય, ઉદરના રોગ. માત્રા તો. ૧–૨

લોહાસવ—	રૂ. ૦–૧૨	૨–૦

પાંડુરોગ, સોજા, ગુલ્મ, ઉદર રોગ, હરસ, સંગ્રહણી માટે. માત્રા તો. ૧–૨

વાસાસવ—	રૂ. ૦–૧૨	૨–૦

દરેક જાતની ખાંસી, ક્ષય, ઉરૂક્ષત, કફ, જીર્ણજ્વર, શ્વાસ માટે માત્રા તો. ૧–૨

દ્રાક્ષાસવ—(જુનો)	૦–૧૨	૨–૦

ક્ષય, ખાંસી, શ્વાસ, શૂળ, અજીર્ણ, મંદાગ્નિ, જીર્ણજ્વર, અશક્તિ, અમ્લપિત્ત, આફરો, વિગેરે માટે ખોરાક પચાવી લોહી વધારી મીઠી નિદ્રા લાવે છે–માત્રા તો. ૧–૨.

દસમુળારિષ્ટ—	રૂ. ૦–૧૨	૨–૦

અરૂચી, શ્વાસ, ઉધરસ, ગુલ્મ, ક્ષય, પાન્ડુ, હરસ, પ્રમેહ, ઉદરરોગ, વંધ્યત્વ, દોષ, અશક્તિ, તથા સ્ત્રીઓના સ... દરેક દરદો માટે ખાસ ઉપયોગી છે. માત્રા—૨

-:: સત્વ-અંજન ::-

	કિં. તો. ૧ ની	કિં. તો. ૫ ની
	રૂ. આ.	રૂ. આ.
ગળોનું સત્વ—	રૂ. ૦-૮	૨-૦

જીર્ણજ્વર, માથાની ગરમી તથા આંખની ગરમી, ધાતુદોષ, પ્રદર, રક્ત વિકાર માટે સારૂં છે. માત્રા ૧-૪ વાલ

મોતાનો સુરમો—(ધોળો)	રૂ. ૪-૦	૧૬-૦
મોતીનો સુરમો—(કાળો)	રૂ. ૨-૦	૮-૦

ગુણ ઉપર પ્રમાણે.

ચંદ્રોદયાવર્તિ—	રૂ. ૧-૦	૪-૦

ફુલુ, છારી, ઝાંખ, આંધળાપણું, માંસનું વધવું.

નેત્રાંજન—	રૂ. ૧-૦	૪-૦

આંખની ગરમી તથા જાંખ મટાડે

-:: અવલેહ તથા પાક. ::-

	કિં. તો. ૧૦ની	કિં. તો. ૪૦ની
કંટકાર્યાં અવલેહ—	રૂ. ૦-૧૨	૨-૮

સર્વ પ્રકારની ખાંસી, શ્વાસ, હેડકી, કફ, માત્રા તો. ૧-૨.

હરિતકી અવલેહ—	રૂ. ૦-૧૨	૨-૮

ખાંસી, ક્ષય, દમ કફ, જ્વર. હરષ, અમ્લપિત્ત, મળાવરોધ. માત્રા ૧-૩ તોલા.

વાસાવલેહ—	રૂ. ૦-૧૨	૨-૮

ક્ષયની ખાંસી, જીર્ણ તાવ, લોહીની ઉલટી, રક્તપીત્ત. માત્રા —તો. ૧-૩

ચ્યવન પ્રાશાવલેહ—(જીવન) 		રૂ. ૦—૧૨ 	૨—૮

સ્ત્રી, પુરૂષોના ધાતુદોષ, નબળાઈ, ક્ષય, સંગ્રહણી, ઉરૂક્ષત, ખાંસી, કફ, ઉલટી, હરષ, જીર્ણ મરડો, મગજની અશક્તિ, કે કોઇપણ જાતની ધાતુની નબળાઈ માટે શક્તિવર્ધક આ જીવન બરોબરી એક પણ દવા નથી. માત્રા તો. ૧—૨ દુધ સાથે

બદામનું કેસરી જીવન— 		રૂ. ૧—૦ 	૩—૦

દરેક ગુણ ઉપર પ્રમાણે. અને મગજને પુષ્ટી આપનાર વિર્ય-વર્ધક. માત્રા—તો. ૧—૨ દુધ પીવું.

મુસલીપાક— 		રૂ. ૦—૧૨ 	૨—૮

ધાતુક્ષીણતા, અશકિત, અગ્નિમંદતા, ખાંસી, દમ, પ્રમેહ. માત્રા—તો. ૨—૪

સાલમપાક— 		રૂ. ૧—૦ 	૩—૦

પૌષ્ટિક, વિર્યવર્ધક ને શકિતવર્ધક છે. માત્રા—તો. ૨—૪

બદામ પાક— 		રૂ. ૧—૦ 	૩—૦

મગજને પુષ્ટી આપનાર વિર્યવર્ધક ને પૌષ્ટીક છે. માત્રા તો. ૨—૪

સૌભાગ્યસુંઠી પાક— 		રૂ. ૧—૦ 	૩—૦

સુવાવડના દરેક રોગો, ઉલટી, જવર, દાહ, ખાંસી, કૃમી વિગેરે માટે. માત્રા તો. ૨—૪

બાકી દરેક શાસ્ત્રોક્ત દવાઓ તૈયાર મળશે.

પેટન્ટ દવાઓ.

બાળાગોળી—આ ગોળીના સેવનથી બાળકની વરાધ, સસણી, આંચકી, ગળું પડવું, ઝાડા, ઝીણો તાવ, કફ, કરમીયા, ફિકાસ મટી નીરોગી બને છે ને તંદુરસ્ત થાય છે. આ કેફી કે માદક વસ્તુ નથી. માટે જરૂર વાપરો. કિં. શીશી ૧ નો રૂ. ૧–૦–૦ શીશી ૧૨ ના રૂ. ૮–૯–૦

ભારગોળી—બચ્ચાંને ભાર રહેવો, આફરો, ઝાડાની કબજીયાત માટે સારી છે. કિં. ગોળી ૪ની ડબીના રૂ. ૦–૪–૦ ગોળી ૧૨ ના ૦–૧૦–૦

જુલાબની ગોળી—દસ્તની કબજીયાત, મળાવરોધ, પેટનાં દરદો મટાડશે. કિં. ડબી ૧ ના રૂ. ૦–૪–૦ ડબી ૧૨ ના રૂ. ૨–૮–૦

માથાનો મલમ—આ મલમ માથે ઘસવાથી શરદીથી ગમે તેવો માથાનો દુખાવો હશે તે મટશે. ડબી ૧ ની કિં. રૂ. ૦–૬–૦ ડબી ૧૨ ની કિં રૂ. ૩–૮–૦

દરાજનો મલમ—આ મલમથી કાળી, લાલ ગમે તેવી દરાજ મટે છે. કિ. ડબી ૧ ના રૂ. ૦–૬–૦ ડબી ૧૨ ની કિં. રૂ. ૩–૮–૦

માથાનો પાઉડર—આ પાઉડરથી ગમે તેવું માથું દુખતું હોય તો એક ચપટી સુંઘવાથી છીંકોઆવી તુરત મટી જશે. ડબી ૧ ની કિં. ૦–૪–૦ ડબી ૧૨ ની કિં. રૂ. ૨–૮–૦

ગુલાબી દંતમંજન—આ મંજન દાંતે ઘસવાથી મોંઢાની ગરમી, દાંતનું કળતર, અવાળું, સણકા વગેરે તુરત મટી જશે. મોઢું સુવાસિત થાય છે. કિં. ડબી ૧ ના ૦–૬–૦ ડબી ૧૨ ના રૂ. ૩–૮

કાળુ દંતમંજન—આથી મોંઢાનાં તથા દાંતનાં દરેક દરદો મટશે. કિં. ડબી ૧ ના રૂ. ૦-૬-૦ ડબી ૧૨ ના રૂ. ૩-૮-૦

સ્થંભનવટી—આ ગોળી વિર્યનું સ્થંભન કરે છે ને જતી ધાતુ રોકે છે. પ્રમાણ ૧-૨ ગોળી લઇ ઉકાળેલું દુધ, સાકર, ઇલાયચી, કેસર, ઘી નાખી પીવું. કિં. ડબી ૧ ના રૂ. ૧-૦ ડબી ૧૨ ના રૂ. ૧૦-૦

દેશી સાર્સાપરિલા—[રક્ત શોધક દવા.] આનાં સેવનથી ચામડીનાં દરદો, કંઠમાળ, ખસ, કે નારાં, ગરમીના રોગો મટાડી લોહી શુદ્ધ કરે છે, પાચનક્રિયા સુધારે છે, સ્ત્રીઓના કોઠાની ગરમી મટાડે છે. કિ. શીશીનો રૂ. ૧ા. શીશી ૧૨ ના રૂ. ૧૨-૦

કોઇ પણ લાંબા વખતથી રીબાતા માંદા દરદીને સલાહ મફત આપીશું. રીપ્લાઇ પત્ર લખો.

ज्वरामृत मिक्श्चर

તાવની ચમત્કારી રામબાણ દવા

ગમે તેવી જાતના તાવને એકજ દિવસમાં નાબુદ કરે છે. ચોથીઓ, એકાંતરીઓ, ટાઢીયો કે ઉના તાવને આ દવા જલદી મટાડી શક્તિ આપે છે. ને વાપરવાથી તાવનો ભય રહેશે નહિ. કિં. શીશી ૧ ના ૦-૧૨-૦ બાર આના. શીશી ૧૨ ના રૂ. ૭-૦-૦

सुंदरी आर्य अमृत

સ્ત્રીઓની ખાસ શક્તિની દવા

સ્ત્રીઓના તમામ રોગો માટે વાપરવું સારૂં છે. સ્ત્રીઓના દરેક વ્યાધીમાં ઘણોજ ફાયદો આપે છે. શ્વેત પ્રદર, રક્તપ્રદર કે ધુપણી

માસિક અટકાવનો દોષ, કસુવાવડ, ગર્ભાશયના દોષથી ગર્ભ નહિ ટકવો કમરમાં કળતર, ફ્રાટચુસ, હિસ્ટીરીયા, ઉલટી, અરૂચી, શરીરની ફિકાસ, નબળાઇ વિગેરે માટે. જલ્દી મંગાવો ને વાપરો. કિં. શીશી ૧ નો રૂ. ૧] (ત્રણની જરૂર પડશે માટે) શીશી ૩ ના રૂ. ૨–૧૦–૦ શીશી ૧૨ ના રૂ. ૧૦–૦–૦ પોષ્ટેજ ચાર્જ જુદો સમજવો.

બાળકોનું અમૃત

બાળ ખાપરીયું

બાળકોની અશક્તિની ખાસ દવા બાળકોના દરેક પ્રકારના રોગો મટાડી–શરીર રૂષ્ટપુષ્ટ બનાવે છે લોહી તથા શક્તિ વધારી નિરોગી કાંતિવાન બનાવે છે. બાળક ચાલવા શીખે ત્યાં સુધી ગાયના દુધ સાથે બારે માસ આપી શકાય છે. કિં. તો. ૧ ની ડબ્બી ૧ ના રૂ. ૦–૮–૦ તો. ૫ ની ડબ્બીના રૂ. ૨–૪–૦

બાળઘુંટી

બાળકોના મહા ભયંકર વ્યાધિને તુરત મટાડે છે. તેમ તાવ–ખાંશી–વરાધ–રતવા–ઉલટી–ઝાડા વિગેરે મટાડી બાળકને નિરોગી બનાવે છે આ ઘુંટી દરરોજ ઘસી પાવાથી ઘસારાની જરૂર પડતી નથી મંગાવો ને વાપરો–નિર્ભય છે. ઘુંટી ૧ ની કિં. રૂ. ૦–૫–૦ ઘુંટી ૧૨ ની કિં. રૂ. ૩–૦–૦

પેટંટ ઔષધો-પરિશિષ્ટ

આંબળાંનો મુરબ્બો—રક્તપીત્ત, ક્ષય, દાહ, અશક્તિ વિગેરે માટે. કિં. તો. ૪૦ ના રૂ. ૧-૮-૦

ગુલકંદ—મળાવરોધ, જીર્ણજ્વર, ક્ષય અશક્તિ માટે. કિં. તો. ૪૦ ના રૂ. ૧-૮-૦

ચોખ્ખુ મધ—(દરેક દવાઓના અનુપાન સાથે વાપરવા લાયક) કિં. તો. ૪૦ ના રૂ. ૧-૦-૦

ગળોનું સત્વ—જીર્ણજ્વર, અશક્તિ મટાડી અમૃત જેવું પિતવીર્ય છે. કિં. તો. ૧ ના ૦-૮-૦ તો. ૫ ના રૂ. ૨-૦-૦

ગળોનું ઘન—ગુણ ઉપર પ્રમાણે કિં. તો. ૧ ના રૂ. ૦-૬-૦ તોલા ૫ નો ૧-૮-૦

ચોસઠ પ્રહોરી પીંપર—મંદાગ્નિ, જીર્ણજ્વર, વાયુ વિકારને માટે. કિં. તો. ૧ ના રૂ. ૦-૮-૦ તો. ૫ ના રૂ. ૨-૦-૦

અપામાર્ગક્ષાર—શ્વાસ, કાસ, ખાંશી માટે. કિં. તો. ૧ ના રૂ. ૦-૮-૦ તો. ૫ ના રૂ. ૨-૦-૦

જવક્ષાર—કફ, ખાંશી માટે. કિં. તો. ૧ ના રૂ. ૦-૮-૦ તો. ૫ ના રૂ. ૨-૦-૦

ભસ્મક્ષાર—ઉદરવ્યાધિ, ગુલ્મરોગ, શ્વાસ વિગેરે માટે. કિં. તો. ૧ ના ૦-૮-૦ તો. ૫ ના રૂ. ૨-૦-૦

વજ્રક્ષાર—ગુલ્મવ્યાધિ, યકૃત, લિવર, પેટના રોગો માટે. કિં. તો. ૧ ના ૦-૮-૦ તો. ૫ ના રૂ. ૨-૦-૦

નારાયણ તૈલ—વાતવ્યાધિ, લકવો, પક્ષવાત વિગેરે માટે ખાસ કિં. તો. ૧૦ ના રૂ. ૨-૦-૦

લાક્ષાદિ તૈલ—ક્ષયમાં જીર્ણજ્વર, ખાંશી અશક્તિ માટે. તો. ૧૦ ના ૨-૦-૦

ક્ષાર તૈલ—કર્ણરોગ-કર્ણસુલ બહેરાસ વિગેરે માટે તો. ૧૦ ની કિં. રૂ. ૨–૦–૦

બ્રાહ્મી ઘૃત—મગજના રોગો–અપસ્માર–ઉન્માદ વિગેરે માટે તો. ૧૦ની કિં. રૂ. ૨–૦–૦

પ્રદરસ્તંભન ગોળી—સ્ત્રીઓના ગમેતેવા જુના પ્રદર–લોહીવા ધાતુની નબળાઇને તુર્તજ બંધ કરે છે તોલા ૧ ની ડબી એકના રૂ. ૨–૦–૦ ડબી ૧૨ ની કિં રૂ. ૨૦–૦–૦

રૂતુસુધારક ગોળી—સ્ત્રીઓના રૂતુ દોષો માસીક અટકાવની અને ગર્ભાશયની શુદ્ધિ કરે છે. ડબી એકની કિ. રૂ. ૧–૮–૦ ડબી ૧૨ ની કિં. રૂ. ૧૪–૦–૦

શુક (વીર્ય) સ્તંભન ગોળી—જતીધાતુ અટકાવી ખરૂં પુરૂષત્વ આપે છે તો. ૧ ની ડબીની કિં. ૨–૦–૦ ડબી ૧૨ ની કિં. રૂ. ૨૦–૦–૦

ગર્ભસંજીવની ગોળી—ગર્ભાશયના તમામ પ્રકારના રોગો મટાડી આ ગોળીનું નવ માસ સેવન કરવાથી પ્રસુતિની પીડા ટાળે છે.તો.૧ ની ડબીની કિ. રૂ. ૨–૮–૦ ડબી ૧૨ ની કિં. રૂ. ૨૪–૦–૦

સંગ્રહણી સુધારક ગોળી—ગમેતેવો ભયંકર સંગ્રહણી (ઝાડાનો રોગ) અથવા મુંબાઇ તથા પરદેશના પાણીવીકારને જલ્દી મટાડે છે તો. ૧ ડબીની કિં. ૪–૦–૦ ડબી ૧૨ ની કિં. ૪૦–૦–૦

વિસ્ફોટક વિનાશક ગોળી—વિસ્ફોટક–ચાંદી–ઉપદંશ–રક્તદોષ–વિગેરે વિકારો સુધારે છે. તો. ૧ ની ડબીની કિં. ૨–૮–૦ ડબી ૧૨ ની કિં ૨૩–૦–૦

હિસ્ટેરીઆ હરામૃત ગોળી—હિસ્ટેરીઆ–(મૃગીવાઇ) ખેંચાતાણ–બેભાન અવસ્થા મૂર્છા ફેફરૂ વિગેરે પુરૂષો તથા સ્ત્રીઓના દર્દોને મટાડે છે. તો. ૧ ની ડબીની કિં. ૨–૮–૦ ડબી ૧૨ ની કિં.૨૩–૦–૦

ચમત્કાર દર્પણ

શ્રી આયુર્વેદિય સિદ્ધ ચિકિત્સાલયમાં

આવેલા દર્દિઓના અભિપ્રાય, સર્ટિફીકેટો અને પ્રમાણપત્રો વાંચો.

૧ **વૈદ્યશાસ્ત્રિ રવિશંકર મોતીરામ ભટ્ટ**—તેમને આ સર્ટિફીકેટ લખી આપવામાં આવે છે કે મુંનીજી રત્નવિજયજીને **ભયંકર ક્ષયનો રોગ હુતો** તે વ્યાધિ અસાધ્ય હોવા છતાં આ, વૈદ્યરાજે ભૈષજ્યૈ સંસ્કૃત ગ્રંથાવલોકન કરી અકસીર વનસ્પતિઓની દવાઓથી અચીર કાલમાં વ્યાધી મુક્ત કરિ દિવ્યદેહ કરિ તેમનો તનમન ધનથી ભયંકર રોગ દુર કરી દીધો...બીજા મુની ચતુરવિજયજીને પણ ખોરાક લીધા પછી કડવી ખાટી ઉલટી તથા ઝાડાનું દર્દ—સંગ્રહણીનો રોગ હતો તેમાં આ વૈદ્યરાજ ઘણા સારા અનુંભવી હોવાથી, રોગનું નિદાન તથા ચિકિત્સા કરી જાણે છે ને તેમણે અંતઃકરણના પ્રેમ પૂર્વક અકસીર દવા પરિશ્રમથી કરી મુનીઓને વ્યાધિમુક્ત કર્યા છે તો હમારે સત્યતાથી એટલું તો કહેવું પડસે કે આ વૈદ્યરાજ સાધુ સાધ્વી કે કોઇ પણ દુખી દર્દિઓ માટે દયાળુ અને પરમાર્થી જરૂર છે તો મહાવીર સ્વામી પ્રભુ તેમનું ભલું કરો. ને આ વૈદ્યરાજ સારા યશસ્વીથાઓ, કીર્તિવંત ને દીર્ઘાયુષી થાઓ, દરેક દુખી દરદીઓ તેમ સાધુ સાધ્વીઓ આ વૈદ્યરાજનો લાભ લેવા લાયકને પાત્રવાન પરમ પવિત્રરૂપ છે અનુભવ સિદ્ધ કરો. લી—મુનીજી રત્નવિજયજીની ખાસ ભલામણ મુનીમુદામુનીજી લબ્ધી વિજયજીની ખાસ ભલામણ—(મુદ્રીકા)

મુનીજી કાન્તીવિજયજીની ખાસ ભલામણ મીતિ, સંવત. ૧૯૬૫ શ્રાવણ સુદી ૧૨ મુ. **પાટણ** સાગરનો અપાસરો

૨ મુનીજી પુન્યવિજયજી અમો લખી જણાવીએ છીએ કે-મુનીજી મનોહર વિજયજી તે મુંની કપુરવિજયજીના શિષ્ય એમને સંગ્રહણી વીગેરે રોગ આ વૈદ્યરાજની દવાથી સારી પેઠે આરામ થઇ ગયો છે આ વૈદ્યરાજના ઉપાય ખાસ અનુભવ સિદ્ધ છે માટે દરેક દરદીઓએ તેમની દવાનો લાભ લેવા જેવો છે-સંવત ૧૯૭૮ના જેઠસુદી. ૧૪ દા. મુનીજી પુન્યવિજય

વૈદ્યરાજ. રવિશંકર મોતીરામ—

૩ મુંબાઇ ધનજીસ્ટિટ ઝવેરી મગનલાલ-નગીનદાસની દુકાન નાતે અમો લખી જણાવીએ છીએ કે અમોને **મુંબાઈનું પાણી લાગેલું અને સંગ્રહણી**નું દર્દ હતું તે તમારી દવાથી અમને આરામ થઈ ગયો છે-

લી-પોપટલાલ વાડીલાલ ઝવેરી

વૈદ્યરાજ-રવિશંકર મોતીરામ—

૪ જત આ સર્ટિફીકેટ લખી આપનાર ગામ વસો તા.પેટલાદના રહીસ હાલ મેલટ્રેનીંગ કોલેજમાં અભ્યાસ કરનાર હું પ્રતિજ્ઞા સાથે લખી આપું છું કે મારી તબિયત-**સંગ્રહણીથી** ઘણીજ ખરાબ થઇ હતી તે મટવાની પણ આશા નહોતી તે આપે અમુલ્ય દવા આપી મારો રોગ ઘણીજ મહેનત લઇ મહને ઘણીજ થોડી મુદતમાં મટાડયો છે તેથી આપનો આભારી છું. તા-૧૫-૯-૨૬

લી. શેવક હાથીભાઈ શંકરભાઈ પટેલ.

વૈદ્યરાજ રવિશંકર મોતીરામ—

આ સર્ટિફીકેટ લખી આપનાર પાટણના રહીશ પારેખ કાનજી માધવજી ઉમર વરસ ૩૫. વિષેસ વિનંતિ કે મને ઘણોજ હર્ષ ને ઉમંગ થાય છે કે આપે મારી જીંદગી નવીજ આપી છે, મને ઘણા લાંબા વખતથી ભયંકર **સંગ્રહણી તથા અસાધ્ય ક્ષયનો રોગ** લાગુ પડેલો તે મટવાની આશા નહોતી. મેં ઘણા સરજન ડાક્ટરો તથા વિદ્વાન વૈદ્યોની દવા કરી હતી છતાં મને ફાયદો નહિ આપેલો, તેથી હું કંટાળી આપની પાસે તા. ૧૯–૧૧–૧૪ ને દિવસે આવ્યો, તો આપે નિદાનને ચિકિત્સા કરવાથી આપના ઉપર પૂર્ણ આસ્થા ને વિશ્વાસ લાગવાથી મેં આપની પાસે માસ ૧। દવા લેવાથી મને ઉપરના બન્ને અસાધ્ય રોગો પરીપૂર્ણ મટી આરામ થઇ ગયો છે, ને મારૂં શરીર દિવ્યરૂપ થયું છે તેથી હું આપનો જીંદગી પર્યંતનો આભારી છું. આપના જેવો અનુભવ હું બીજા કોઇ પણ વૈદ્ય કે ડાક્ટર પાસે જોઇ શક્યો નથી. આપેજ મ્હને મ્હોટા દરદોમાંથી મુક્ત કર્યો છે. તેથી ઇશ્વર પ્રત્યે માગું છું કે આપનો વિજય થાઓ. તેમ સર્વ ભાઇઓને પણ જણાવું છું કે આવા મોટા રોગમાંથી બચવું હોય તો આ વૈદ્યરાજનો લાભ લેશો. તા. ૨૫–૧૨–૧૪.

લી. પારેખ કાનજી માધવજી સહી દા. પોતે.

મેહેરબાન વૈદ્યશાસ્ત્રી રવિશંકર મોતીરામ મું૦ પાટણ

૬ ભાંન્ડુ તા. વિસનગરના રહીશ મોહનભાઇ ત્રીકમભાઇ, જત હું મુંબાઇ ગયેલો તેથી મ્હને પાણી લાગેલું ને સંગ્રહણીનું સખત દરદ થયેલું તે મટવાની બીલકુલ આશા નહોતી તે આપની દવાથી તુરત આરામ થઇ ગયો છે. આપની દવામાં આટલો ચમત્કાર જોઇને

નવાઇ ઉપજેલી છે તેથી હું આપનો ઘણોજ આભારી છું. આપની દવા ખાસ વિશ્વાસથી સેવન કરવા જેવી છે. એજ તા. ૬-૧૧-૧૬

લી૦ મોહનભાઇ ત્રીકમભાઈ સહી દા૦ પોતે.

રા. રા. વૈદ્યરાજ રવિશંકર મોતીરામ—

૭ જોગ આ સર્ટિફીકેટ લખી જણાવું છું કે મ્હને મુંબાઇથી મહાન **સંગ્રહણી** અર્થાત ઓપ્પે સ્પ્રુના રોગથી હું પીડાતો હતો તે વખતે મેં ઘણા વૈદ્યોની દવા કરેલી પણ તેનાથી ઠીક લાગ્યું નહોતું અંતે તમારી દવા મેં જ્યારે શરૂ કરી ત્યારેજ મ્હને ઠીક લાગ્યું હતું અને તમારી દવાથીજ અત્યારે હું તે ભયંકર રોગમાંથી મુક્ત થવા પામ્યો છું અને આરામ થયો છે તેથી આપનો હું આભારી છું. તા. ૨૮-૮-૨૪ પાટણ-જવાળામુખી પાડો (નાગરવાડો)

લી. સ્નેહાધિન શેઠ **કૃષ્ણલાલ મોતીલાલ**
ઓનરરી થર્ડ કલાસ મેજીસ્ટ્રેટ. હાલ વકીલ.

વૈદ્યરાજ—રવિશંકર મોતીરામ—

૮ શહેર-પાટણ ના રહીશ. મોહનલાલ ગુલાબચંદ વિનંતી સાથે લખી જણાવુંછું કે મહને ઘણા લાંબા વખતથી—**સંગ્રહણી અને મુંબાઈનું પાણી લાગેલું** હતું ને હું અસાધ્ય રોગથી મારો દેહ આખર સ્થિતીએ પહોચેલો—ને જીંદગીની આશાપણ નહોતી છેવટે આપની દવા લેવાથી માહરા ભયંકર રોગ મટી ગયા છે ને માહરી જીંદગી આપે નવીનજ આપી છે આપના જેવી રામબાણ

દવા હું બીજા કોઇ પણ ઠેકાણે જોઇ શક્યો નથી આપનો ઉપકાર હું જીંદગી સુધી ભુલીસ નહિ તા–૧૬–૯–૧૯૧૬

દા–**શંભી મોહનલાલ ગુલાબચંદ સહી દા–પોતે**

મું-પાટણ. લાખુખાડમાં

વૈદ્યરાજ–રવિશંકર મોતીરામ—

૯ લી–ચિમનલાલ મગનલાલ પટેલ હું લખી જણાવું છું કે માહરી તંદુરસ્તી આપેજ આપી છે મને **મુંબાઇથી પાણીલાગેલું** તે મે મુંબાઇ તથા ઘણા સ્થળે ઘણી દવાઓ કરી પણ કાંઇ ફેર નહિ પડવાથી કંટાળી આપની પાસે આવ્યો તો આપના બહોળા અનુંભવથી મને દવા આપવાથી મને ઘણોજ આરામ થયો છે તે હું જીંદગી પર્યંત ભુલીસ નહિ–સર્વ બંધુઓને જણાવું છું કે ભયંકર રોગમાંથી બચવું હોયતો આ વૈદ્યરાજનો લાભ લેશોજી તા–૧૩-૯–૨૦

પાટણ **લી. ચિમનલાલ મોહનલાલ સહિ, દા-પોતે.**

વૈદ્યરાજ–રવિશંકર મોતીરામ—

હું ઘણા ઉમંગથી જણાવું છું કે વૈદ્યરાજ રવિશંકર મોતીરામ ભાઈની દવા કરવાથી મારો રોગ તદ્દન જઠરાગ્નિ મંદ પડી હતી તેથી સંગ્રહણી થઇ હતી અને તેથી મને મારા દેહની આશા નહોતી મેં ઘણા ડાક્ટરો તથા વૈદ્યોની દવા કરી પણ આરામ ના થયો તેવામાં અનાયાસે રવિશંકરભાઈ વૈદ્યરાજનો સમાગમ થતાં તેમની દવા શરૂ કરી તેમણે દહીં ઉપર રાખવાથી તદન આરામ થઈ ગયો તેથી તેમનો જીંદગીભર આભારી થઈ મારી રાજી ખુશીથી આ સર્ટિફિકેટ લખી આપ્યું છે. **લી. જગજીવન રામશંકર**

ગવર્નમેન્ટ પેનસનર

ગોમતીપુર રોડ–**અમદાવાદ**

આરોગ્ય માળા

આ માળાનો નિત્ય શ્રદ્ધાથી પ્રેમપૂર્વક પાઠ થાય તો આરોગ્ય. આયુષ્ય, આનંદ, આબરૂ, ધનધાન્ય ને ઉત્તમ પુત્ર–પરિવારની પ્રાપ્તિ થાય છે.

૧ આત્મા જે બંધ મોક્ષની વાતો કરીએ છીએ તે તન–મનને અવલંબીને છે.

૨ શરીરશુદ્ધિ ને મનશુદ્ધિ એ આત્મોન્નતિનું મુખ્ય સાધન છે.

૩ દરદો અને શારીરિક ગુન્હાની શિક્ષા છે તે શિક્ષા ગુન્હો કરનારના શરીરને જ થાય છે.

૪ અનીતિ માટે દંડ, કેદ કે ફાંસી. શારીરિક ગુન્હા માટે દરદ, પથારી કે મૃત્યુ છે.

૫ તમામ દરદો એ આપણે કે આપણાં માબાપોએ કરેલી ભુલોનાં કડવાં ફળ છે.

૬ રોગી, અને દુરાચારી માબાપો, એ નિરોગી, સદાચારી બચ્ચાંને આપવાને નાલાયક છે.

૭ બ્રહ્મચર્ય જે શરીરરૂપી હવેલીનો પાયો છે તેને બાળલગ્ન ખેદાનમેદાન કરે છે.

૮ પંચકેસ રાખવા એ બ્રહ્મચર્ય નથી પરંતુ વીર્યનું રક્ષણ કરવું એજ ખરૂં બ્રહ્મચર્ય છે.

૯ વીર્યની આવકજાવકનો હીસાબ નહિ રાખનારા વહેલું દેવાળું ફુંકે છે.

૧૦ આપણા બધા આચારો, આડંબર માટે નહિ પણ આરોગ્ય માટે જ પાળવાના છે.

૧૧ ઇંદ્રિયોને પડેલી આદતો તુરત છુટતી નથી માટે તેનાથી નિત્ય ચેતતા રહેવું.

૧૨ શરીર, મન અનેઆત્માની ઉન્નતિ માટે શુદ્ધ અને સાદા ભોજનની ખાસ જરૂર છે.

૧૩ તમારી હોજરીને નિયમીત ગોઠવો. શરીરનો આખો સંચો એ ચુલાને આધીન છે.

૧૪ યાદ રાખો કે લોહીના ને મગજના ઘણા વિકારો બગડેલી પાચનક્રિયાને લીધે જ છે.

૧૫ જમવાનો ઘંટ વાગે એ જમવાનું ખરૂં તેડું નથી. ક્ષુધાનો ઘંટ વાગે એજ ખરૂં તેડું છે.

૧૬ ભોજનના ભાણાપર બેસતાં પ્રથમ તમારા પેટની સલાહ લેજો, જીભની સલાહ નકામી છે.

૧૭ નિત્ય યાદ રાખો કે મળમૂત્રાદિક કુદરતી વેગોને અટકાવવાથી અનેક દરદો થાય છે.

૧૮ યાદ રાખો કે હવા, શુદ્ધ પાણી અને સ્વચ્છતા એ જ આપણાં જીવન છે.

૧૯ શરીરની સર્વ ગટરોને નિત્ય સ્વચ્છ રાખવી એ તન્દુરસ્તીની પહેલી ચાવી છે.

૨૦ રસોડામાં લખી રાખો કે માપીને તથા ચાવીને ખાવું એ તન્દુરસ્તીની બીજી ચાવી છે.

૨૧ વળી લખી રાખો કે સાદો અને સાત્વિક ખોરાક ખાવો એ આરોગ્યતાની સર્વોત્તમ ચાવી છે.

ચાલુ જમાનાની સ્ત્રીઓને શિખામણ

છટકેલ સુંદરીયો છળ બળ કરતી જ્યાં ત્યાં નજરે આવે;
ભટકેલ હશે નહિ ભલી બિચારી તે ક્યાંથી નજરે આવે. (ટેક) ૧
શરમ ઘણી નારી તે પતિને દબાવે, તોય પુરૂષને રોષ ન આવે;
વિધાત્રાએ લખેલું ન જાવે, છટકેલ સુંદરીયો છળ બળ કરતી. જ્યાં૦ ૨
પોલકાં પહેરી પોલ ચલાવે કોણ આંખ્યો ઉઘડાવે;
સાચી શીખામણ સમજી લ્યો ભાવે, તો જીવન સફળ થાવે. છટકેલ. ૩
કંકુ કાજળ ફાંસકી ગઇ, બસ પાઉડર વહાલો લાગે:
માથા ઉપર વાળ ફરૂંફ, જાણે હોય મુવેલો કાગે. છટકેલ. ૪
એ ફેશનમાં ઉઠે આગે, કુળાચાર કુવામાં નાખ્યો કુળને ડુબાવે;
છટકેલ સુંદરીઓ છળ બળ કરતી જ્યાં ત્યાં નજરે આવે. ૫
ગોરાદેને ગવન પહેરવાનો ચટકો લાગેલો:
લાજ લજ્જામણીઓ કરી નહિને, નફટ થઇ સુંદરીયો. છટકેલ. ૬
શું જ્યાં ત્યાં મારે હડીયો મહોડું જાણે વંતરીયો:
છટકેલ સુંદરીયો છળ બળ કરતી જ્યાં ત્યાં નજરે આવે. ૭
કુંચીયો કેરો ઝુડો કમરમાં, હાથમાં રૂમાલ ધરીયો:
બુટ છત્રી લઈ જ્યાં ત્યાં મ્હાલે. નફટ થઈ સુંદરીયો. છટકેલ. ૮
મોટાઇ દેખાડવા ચસ્માં ચઢાવે, શરમ જરાયે ન આવે;
મોટી ઉમરની પુત્રી થવા છતાં, કંન્યા કાળ જાવે. છટકેલ. ૯
વિસમી સદીનો મહિમા આ તો, રવિશંકર ગાવે;
છટકેલ સુંદરીયો છળ બળ કરતી જ્યાં ત્યાં નજરે આવે. ૧૦

आयुर्वेदिय सिद्ध चिकित्सालयना

ખાસ નિયમો.

૧ અમારૂં આ દવાખાનું ૨૨ વર્ષથી જુનું અને જાણીતું છે.

૨ આ દવાશાળામાં, શાસ્ત્રોક્ત, અનુભવસિદ્ધ, નિર્ભય ઔષધો મળેછે.,

૩ આ રસશાળામાં દરેક ઔષધો શાસ્ત્રોક્ત પાક પ્રમાણે શુદ્ધિથી ખાસ હમારી જાતિ દેખરેખથી સંપૂર્ણ કાળજી પૂર્વક બને છે. માટેજ નિર્ભય અને ગુણકારી છે.

૪ વૈદ્યો તથા ડાક્ટરો, હકિમો કે વહેપારીયોને આ પ્રાઇસલિસ્ટના સારી ભાવથી રોકડા પૈસાથી દવાઓ મળે છે. પરંતુ ઓછામાં રૂપિઆ ૨૫)નો ઓર્ડર હોવો જોઇએ.

૫ દરદીઓએ પોતાના દરદની સંપૂર્ણ ખરી હકિકતો લખવી તેમ અમારા કહેવા પ્રમાણે પથ્ય-પરેજી પાળી શકે તેમ અમારી મરજી મુજબ આપેલી દવા શ્રદ્ધાપૂર્વક ખાઇ શકે, તેવા દર્દિઓને અમારી દવા આપી પ્રભુકૃપાથી ભયંકર રોગો મટાડવામાં આવે છે.

૬ અમારી દરેક દવાઓની કિંમત અગર દરરોજની ફી કે માસિક ફી કે વિઝીટ ફીનો ચાર્જ દરરોજનો દરરોજ રોકડો લેવામાં આવશે. બહારગામ માટે વી. પી. પોસ્ટેજથી મોકલાશે.

અનપેડ પત્રો લેવામાં આવશે નહિ, જવાબ માટે રિપ્લાઇ કાર્ડ અગર ટીકીટ મોકલવી.

૮ દવા મંગાવનારે-રૂપિઆ ૨ા થી ઓછા ઓર્ડરવાળાઓએ નાણાં અગાઉ મોકલવાં.

૯ અમારા લિષ્ટમાં લખેલી દવા વખતે તૈયાર નહિ હશે તો ઓર્ડર મળ્યા પછી દિન ૮ માં તૈયાર બનાવી મોકલવામાં આવશે.

૧૦ કાઇપણ દવા રૂબરૂમાંથી કે પોષ્ટ માર્ફતે મંગાવેલી દવા પાછી લેવામાં આવશે નહિ.

પ્રાઇસ લિષ્ટ મંગાવો—(રૂબરૂ મળો યા લખોઃ-)